ગાંધીનગર સમાચાર

આવતીકાલે ગુડાનો સ્થાપના દિવસ ઉજવાશે

# રાંધેજા-બાલવા માર્ગ પહોળો કરવામાં આવશે

## સરકાર રસ્તાઓના નેટવર્કના સુદ્રઢીકરણ માટે કટિબદ્ધ છે : સગાવ્હાલા નહિ પણ ટ્રાફિકના ભારણ અને જરૂરિયાતને ધ્યાને લઈ અગ્રતા અપાય છે : નીતિન પટેલ, કોલવડા આયુર્વેદ હોસ્પિટલ ૧૫ કરોડના ખર્ચે તૈયાર થઈ ગઈ છે; દહેગામના કોઈ પી.એચ.સી. પર પોસ્ટમોર્ટમ થતા નથી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના રાંધેજા બાલવા માર્ગને તેમજ માણસા જીઈબી ત્રણ રસ્તાથી વિસનગર તાલુકાના કડા સુધીના રસ્તા પર ટ્રાફિક ભારણ થવાથી અકસ્માતો વધુ થતા હોવાનું કોંગીના શ્રી અમીત ચૌધરીએ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે એ વાત સાચી નથી.

ધારાસભ્ય શ્રી અમીત ચૌધરીએ રાંધેજા બાલવા રોડને ચારમાર્ગીય કરવાના આયોજન અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે આ રોડનું, નવા રોડનું ખાતમુહૂર્ત અમીતભાઈ જઈને કરી આવ્યા છે.



વિધાનસભામાં ગાંધીનગર - પ્રકાશ જહા

આજે પ્રશ્નોત્તરીનો પ્રારંભ પણ તેમના આ પ્રશ્નથી થયો હતો. અમીતભાઈએ આ માર્ગનું મહત્વ સમજાવવા એવી રજુઆત કરી હતી કે માનનીય મંત્રીશ્રીની સાસરીમાં પણ આ માર્ગેથી જવાય છે; વિપક્ષના નેતાનું વતન પણ આ માર્ગ પર આવે છે અને મુખ્યમંત્રીશ્રીના નજીકના સગાઓ કડા રહે છે એટલે આ માર્ગે થઈ જવાનું થાય અને ટ્રાફિકનું ભારણ વધુ છે એટલે અકસ્માત વધુ થતા અટકે અને વહેલી તકે આ માર્ગ પહોળો થાય તે જરૂરી છે.

તેમણે પવિત્ર યાત્રાધામ મહુડી પણ આ માર્ગેથી જવાય છે ત્યારે અનોડિયાથી મહુડીનો માર્ગ જે પાંચ થી છ કિ.મી.નો રસ્તો છે અને ત્યાં દોઢ, દોઢ ફૂટના ખાડા પડ્યા છે ને માર્ગ અંગે વારંવાર રજુઆતો કરી છે તે રસ્તો નવો બનાવી આપો તો સારૂ તેમ જણાવ્યું હતું.

મંત્રીશ્રી નીતીન પટેલે જણાવ્યું હતું કે ખાડા પડ્યા છે તે વિધાન સત્યથી વેગળુ છે. રસ્તા સારા છે. એમની માંગણી છે કે રસ્તો પહોળો કરવાની સાહેબ સભ્યશ્રી જાતે જ બે દિવસ પહેલાં જ આ રોડનું ખાતમુહૂર્ત કરી આવ્યા છે. સગાવહાલાના નામે રસ્તો માંગે છે સાહેબ આ સરકાર પ્રજાની સરકાર છે. છ કરોડ ગુજરાતીઓનો અધિકાર છે આ સરકાર ઉપર.

નગર હોય કે ગામ, ઉપનગર હોય કે મહાનગર સારામાં સારા ટુ લેન, ફોરલેન, સીક્સલેન ચીક્સ લેનથી હાઈવેથી સાંકળવાનું અમારૂ લક્ષ્ય છે. અને અમે એ પ્રમાણે કામ કરી રહ્યા છીએ.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગરથી રાંધેજા ચોકડી સુધીનો રસ્તો ચાર માર્ગીય છે. એવી જ રીતે રાંધેજા ચોકડીથી બાલવા જંકશન સુધીનો રસ્તો પણ ૧૦ મીટર પહોળો ૭.૫ કિ.મી. સુધીની લંબાઈનો બની ચુકેલ છે. બાલવા જંકશનથી માણસા વિકાસ પથ જે જે સાત મીટરનો છે તેને ૧૦ મીટર પહોળો કરવાનું કામ હાલ ચાલી રહ્યુ છે અને માણસા વિકાસપથ માણસા ગામ સુધીનો રસ્તો ૧૬ મીટર લંબાઈ એટલે કે ચાર માર્ગીય રસ્તો છે. તબક્કાવાર દરેક રસ્તાઓને પહોળા કરવાનું અમારૂ લક્ષ્ય છે. ટ્રાફિકની જરૂરિયાત અનુસંધાન અને ઉપયોગીતાને ધ્યાને લઈ તે કરવામાં આવશે.

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે પુછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે રોડ સેફ્ટી માટેની તમામ કાર્યવાહી કરાશે. આ રસ્તા ઉપર પણ ત્રણ પાઈપના જે ડ્રેઈન નાળા છે એને ક્રોક્રીટના બનાવવાનું અને એની પ્રોટેક્શન વોલ બનાવવાનું કામ પણ આમાં સામેલ કરેલ છે.

ભાજપના શ્રી અશોક પટેલે બાલવા-માણસા

● અનુસંધાન પાના - ૭ પર



મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત આજે ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૧૫ કરોડ અને અમૃતમ્ યોજના અંતર્ગત રૂ. ૫.૧૦ કરોડની ગ્રાન્ટનો ચેક રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે સ્વર્ણિમ સંકુલમાં મેયર શ્રીમતિ હંસાબેન મોદી અને ડે. મેયરશ્રી કાર્તિક પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા તથા કમિશનર શ્રી ડી.એન. મોદીને એનાયત કરાયો હતો તે પ્રસંગની તસવીર.

# ધો-૧૦માં વિજ્ઞાનનુ પેપર સરળ

ગાંધીનગર તા ૧૦

ધોરણ-૧૦ની બોર્ડ પરિક્ષામાં આજે વિજ્ઞાનનુ પેપર સરળ અને પાઠય પુસ્તક લક્ષી નીકળતા વિદ્યાર્થીઓએ એકંદરે નિરાંત અનુભવી હતી.પેપરમાં પાંચ પ્રશ્નો આકૃતિવાળા પુછાતા કેટલાક વિદ્યાર્થીઓને સમય ઓછો પડયો હતો. જયારે દાખલા ન પુછાતા નબળા પરિક્ષાર્થીઓને પણ પેપરમાં કોઈ તકલીફ પડી ન હતી. જિલ્લામાંથી ૨૭૮૪૨ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી.

ધોરણ ૧૦માં આજે વિજ્ઞાનની પરિક્ષા લેવામાં આવી હતી. જેમાં જિલ્લામાંથી ૨૭૮૪૨ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. જયારે ૫૪૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. હેતુલક્ષી પ્રશ્નો પાઠયપુસ્તક આધારીત પુછાયા હતા. જેમાં પાંચ પ્રશ્નો ફેરવીને પુછવામાં આવતા કેટલાક વિદ્યાર્થીઓ ગોટે ચઢયા હતા. વિષય નિષ્ણાંત કીશોરસિંહ રાજપુતે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે પેપર એકંદરે સરળ હતુ જયારે ભાગ બી માં પાંચ જેટલા પ્રશ્નો આકૃતિ વાળા પુછાયા હતા. જો કે દાખલા ન પુછાતા નબળા વિદ્યાર્થીઓ પણ સારા ગુણ મેળવી શકે તેવુ પેપર હતુ. જિલ્લામાંથી કુલ ૨૮૩૮૮ પૈકી ૨૭૮૪૨ વિદ્યાર્થીઓએ વિજ્ઞાનની કસોટી આપી હતી.

# ઈન્ફોસીટી વિસ્તારમાં ત્રણ એકમો સીલ

## મનપાના મિલ્કતવેરાની ૩૯ લાખની વસુલી બાકી આ એકમો પાસેથી નીકળતી હતી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બાકી વેરા વસુલી અંગે આજે ઈન્ફોસીટી વિસ્તારમાં ત્રણ એકમોને સીલ કરતાં વેપારી આલમમાં સન્નાટો ફેલાઈ જવા પામ્યો છે.

મનપાના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે આ ત્રણ એકમો પાસેથી રૂ. ૩૯ લાખની વસુલી બાકી છે. છેલ્લા બે દિવસથી બાકી વેરા વસુલી માટે તંત્ર દ્વારા સીલીંગનું હથિયાર ઉપાડવામાં આવ્યું છે. આ ત્રણ એકમો પૈકી એક એકમ પાસે ૨૦ લાખથી વધુની વસુલી બાકી હોવાનું જાણવા મળેલ છે.

આ તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલી વિગતો પ્રમાણે ગઈકાલે જીઆઈડીસી, સે. ૨૬, ૨૭ના વિસ્તારમાં તંત્રની ટીમને મળેલી ખાત્રી બાદ આજે વધુ ૧૬ લાખની વસુલીના ચેકો તંત્રને મળ્યા છે. આમ બે દિવસને અંતે તંત્ર દ્વારા ૨૦ લાખની વસુલી કરવામાં આવી છે.

મનપા દ્વારા મિલ્કત વેરાની વસુલી માટે ત્રણ-ત્રણ નોટીસો આપ્યા પછી પણ બાકીદારો દ્વારા ચુકવણુ ન કરવામાં આવતાં તંત્રએ લાલ આંખ કરવાનો નિર્ણય કર્યો છે. બાકીદારોની યાદી તંત્રએ તૈયાર કરી દીધી છે. તંત્રએ વસુલી માટે બે ટીમો બનાવી દીધી છે. આગામી દિવસોમાં વસુલાતની કામગીરી સઘન બનાવવામાં આવશે તેવા સંકેતો તંત્રએ આપ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગત નાણાંકીય વર્ષના અંતિમ દિવસોમાં પણ આવી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તંત્રએ આ વખતે રૂ. ૧૦ કરોડથી વધુની વસુલીનો લક્ષ્યાંક રાખ્યો હોવાનું જાણવા મળેલ છે. મનપામાં મિલ્કત વેરાની ૫૦થી ૬૦ કરોડની વસુલી બાકી હોવાનું જાણવા મળેલ છે.

# આવતીકાલે ગુડાનો સ્થાપના દિવસ ઉજવાશે

## મુખ્યમંત્રીના હસ્તે લાભાર્થીઓને મકાનોની ચાવી સોપાશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આગામી તા ૧૨ માર્ચના રોજ ગુડાના સ્થાપના દિન નિમિત્તે આવાસ યોજનાના મકાનો તેમજ આંગણવાડીની દુકાનો અને ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન સહીતના કરોડોના વિકાસ કામોનુ લોકાર્પણ કરવામાં આવશે. સે-૧૨ સ્થિત સિવિલ હોસ્પિટલના ઓડિટોરીયમ હોલ ખાતે બપોરે ૨-૩૦ કલાકે યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી આનંદીબેન પેટલના હસ્તે શુભ લાભ આવાસ યોજનાના લાભાર્થીઓને મકાનોની ચાવી પણ આપવામાં આવશે.

ગુડાના સ્થાપના દિન નિમિત્તે ગુડા વિસ્તારમાં કરોડોના વિકાસ કામોનુ લોકાર્પણ કરવામાં આવશે. જેમાં મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત પંડિત દિન દયાલ નગરના રાયસણ સ્થિત એલ આઈ જી કેટેગરીના ૬૪૦ મકાનોની લાભાર્થીઓને ચાવી સોંપવામાં આવશે. જયારે રાયસણમાં આવાસો ઉપરાંત આંગણવાડીની દુકાનો ડ્રેનેજ પંપીગ સ્ટેશનનુ લોકાર્પણ કરવામાં આવશે.આ તબક્કે ગુડાની આવાસ યોજનાના લાભાર્થીઓ માટે લોન મેળાનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. સ્થાપના દિવસ નિમિત્તે યોજાનારા આ કાર્યક્રમમાં શહેરી ગૃહ નિર્માણ મંત્રી શંકરભાઈ ચૌધરી, ગુડાના ચેરમેન આશિષ દવે, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર હાજર રહેશે.


## ચોથી પૂણ્યતિથિએ અમારા વંદન...



સ્વ. તા. ૧૧-૩-૨૦૧૨

**સ્વ. પ્રફૂલ્લચંદ ગજાનન ગુપ્તે**
(નિવૃત્ત નાયબ સચિવ, ગૃહ વિભાગ)

લી.
ગં.સ્વ. મીનાબેન પ્ર. ગુપ્તે
(મો.) ૯૦૯૯૦૨૩૨૦૨
મિલિન્દ પ્ર. ગુપ્તે — શ્રુતિ મિ. ગુપ્તે
ડો. કલ્પના સ. આર્ય — સંજય આર્ય
ડો. સંગીતા પૂ. ઘાટે — પુષ્કર ગો. ઘાટે




**કેરીનું આગમન :** ફળોના રાજા કેરીનું આગમન થતાં સ્વાદપ્રિય નાગરિકોમાં આનંદ થયો છે. મોસમની પહેલી કેરી ગાંધીનગરમાં આવતા કેરીના આગમનના સમાચારો ચર્ચામાં રહ્યાં હતાં.

# કેમેસ્ટ્રીનુ પેપર પુસ્તક આધારિત નીકળતા રેન્કર ફાવી ગયા

## જિલ્લામાંથી ૫૬૫૪ એ પરીક્ષા આપી ૧૫૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા

ગાંધીનગર તા ૧૦

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષામાં આજે વિદ્યાર્થીઓએ રસાયણ વિજ્ઞાનની કસોટી આપી હતી. જેમાં જિલ્લામાંથી ૫૬૫૪ વિદ્યાર્થીઓ આ પરિક્ષામાં હાજર રહયા હતા. જયારે ૧૫૮ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. કેમેસ્ટ્રીનુ પેપર સંપુર્ણ પાઠયપુસ્તક આધારિત હોવાની સાથે પુસ્તકનો અભ્યાસ કર્યો હોય તેવા હોશિયાર વિદ્યાર્થીઓ માટે સરળ સાબિત થયુ હતુ. પેપરમાં પાંચ પ્રશ્નો ટવીસ્ટ કરીને પુછાયા હતા.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિકવિજ્ઞાન બાદ આજે કેમેસ્ટ્રીની પરિક્ષા લેવામાં આવી હતી. કેમેસ્ટ્રીની પરિક્ષામા જિલ્લામાંથી ૬૪૦૯ પૈકી ૬૩૩૯ વિદ્યાર્થીઓએ રસાયણ વિજ્ઞાનની કસોટી આપી હતી. જયારે જિલ્લામાંથી ૭૦ વિદ્યાર્થીઓ ગરહાજર રહયા હતા. કેમેસ્ટ્રીનુ પેપર પાઠયપુસ્તક આધારિત અને સરળ હતુ.આ અંગે વેદ ઈન્ટરનેશનલ સ્કુલના વિષય નિષ્ણાંત નયન ત્રિવેદીએ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે કેમેસ્ટ્રીનુ પેપર પાઠયપુસ્તક આધારિત તેમજ સરળ હતુ. જો કે પેપરમાં પાંચ જેટલા એમ સી ક્યુ ટિવિસ્ટ કરીને પુછવામાં આવ્યા હતા. જોકે પેપરમાં એક પણ પ્રશ્ન બહારનો ન હતો. ચોપડીનો પુરો અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ માટે આ પેપર અત્યંત સરળ પુરવાર થયુ હતુ. અલબત્ત હોંશિયાર વિદ્યાર્થીઓને કેમેસ્ટ્રીની પરિક્ષા આપવાની મજા પડી હતી.


## શ્રધ્ધાંજલિ



**સ્વ. તનુજ હિમાંશુ જાની**
જ.તા.૧૭-૦૪-૧૯૯૨ — સ્વ.તા.૧૧-૦૩-૨૦૦૯

નથી કોઈ ટહુકો, નથી કોઈ કલરવ,
સૂના આંગણમાં, સંસ્મરણના સંભારણા છે,
ન પર્યાય હોય ક્યાંય તારો,
ક્ષણે ક્ષણ તારા હોવાનો અણસાર છે.

હિમાંશુ ¦ દામિની ¦ જયની

## સ્ટાફ જોઈએ છે

(૧) બુકીંગ ક્લાર્ક - ૧ (કોમ્પ્યુટર જાણકાર)
(૨) પટાવાળા - ૧ ● (૩) સાઉન્ડ ઓપરેટર - ૧ (કોન્ટાક્ટથી)
(૪) રૂમ એટેન્ડન્ટ - ૨ ● (૫) ઈલેક્ટ્રીશીયન - ૧ (કોન્ટ્રાક્ટથી)
(૬) પ્લમ્બર - ૧ (કોન્ટ્રાક્ટથી)

તમામ જગ્યાઓ ૧૧ માસના કોન્ટ્રાક્ટથી ભરવાની છે. ઈન્ટરવ્યુ તારીખ : ૧૨/૩/૨૦૧૬ના રોજ સવારે ૧૦થી ૧૨ વાગ્યા સુધી અરજી અને અનુભવ સર્ટીફિકેટ સાથે મળવું. આખરી નિર્ણય મેનેજમેન્ટનો રહેશે.

(૨) કડવા પાટીદાર સમાજના વિદ્યાર્થીઓ માટે અને રોજગારલક્ષી પરીક્ષાની તૈયારી માટે વાંચનાલયની સેવા ઉપલબ્ધ છે. રજીસ્ટ્રેશન માટે રૂબરૂ તા. ૧૫/૩/૨૦૧૬ સુધીમાં કાર્યાલયમાં મળવું.

(૩) ઉમા સમાજ ભવન, સેક્ટર-૧૨ ખાતે ફર્નિચરવાળા ૨૫-રૂમ, ૨-ડોર મેટરી હોલ, ૨-મિટીંગ હોલ, લગ્ન માટે A/c લગ્ન હોલ (૯૦૦ વાર), ભોજન હોલ (૯૦૦ વાર), રસોડું (૨૦૦ વાર), વગેરે નાના-મોટા પ્રસંગો માટે ફર્નિચર સાથે વ્યવસ્થા ઉપલબ્ધ છે. જેનો લાભ લેવા એડવાન્સ બુકીંગ કરવામાં આવે છે.

સહી/- (ભરતભાઈ બી. પટેલ) પ્રમુખ — સહી/- (ભોળાભાઈ આઈ. પટેલ) મહામંત્રી

**કડવા પાટીદાર સમાજ, સેક્ટર-૧૨, ગાંધીનગર**
ફોન : ૨૩૨ ૪૫૩૦૦ (કાર્યાલય)

**LED, LCD & Colour TV રીપેરીંગ**
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ગાંધીનગરમાં ઈચ્છો ત્યાં ગરમા ગરમ ઘર જેવું ભોજન...
બપોરે : રોટલી, શાક, કઠોળ, દાળ-ભાત, સલાડ
સાંજે : ભાખરી, શાક, ખિચડી અને દૂધ અથવા જે તે દિવસના મેનુ પ્રમાણે
ફ્રી હોમ ડીલિવરી
**આસ્થા ટિફિન**
સંપર્ક : રાજેશ પટેલ
564, સેક્ટર-8-બી, ગાંધીનગર.
ફોન. 94094 28284, 98982 68159

**મંડપ** કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
**રંગવાલા ડેકોરેટર્સ**
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com